# BUSINESS મિત્ર

### ક્રૂડ તેલ અને FIIની સતત વેચવાલીથી સેન્સેક્સ-નિફ્ટી લાલ નિશાનમાં; બેન્ક નિફ્ટી 373 પોઈન્ટ મજબૂત

# બજારમાં હેટ્રિક કડાકો: સેન્સેક્સ ઉપલા મથાળેથી 600 પોઈન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 30:** ભારતીય શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે પણ વેચવાલી હાવી રહી હતી અને સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જોકે, આજે બેન્ક શેરોમાં લેવાલી રહી હતી અને પોઝિટિવ રહ્યા હતા. જેથી બેન્ક નિફ્ટી પોઝિટિવ રહી હતી.

આજે પણ ભારતીય શેરબજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં નજીવો વધારો થયો હતો અને વિદેશી રોકાણકારોની સતત વેચવાલી ચાલુ રહી હતી, જેથી શેરબજારનું સેન્ટિમેન્ટ ખરડાયેલું રહ્યું હતું. જેના પરિણામે સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આજે સેન્સેક્સ ઉપલા સ્તરેથી 600 પોઈન્ટ ઘટ્યો હતો. યુએસ બોન્ડ યીલ્ડના વધારાની પણ બજાર ઉપર અસર જોવા મળી હતી. સેક્ટર વાઈઝ જોઈએ તો ફાર્મા, મેટલ અને એફએમસીજી શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે મીડિયા, રિયલ્ટી અને પ્રાઈવેટ બેન્કોના શેરોમાં વધારો થયો હતો. બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સ 48.78 પોઈન્ટ એટલે કે 0.07 ટકા ઘટીને 72480.29 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73062 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 72366 પોઈન્ટ સુધી ઘટ્યો હતો.

### રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 17 પૈસા સુધર્યો હતો. ક્રુડ ઓઇલના ભાવમાં નરમાશ અને બોન્ડ યીલ્ડ ઘટતા 95.82ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.99ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 108.89, પાઉન્ડ 127.77, કેનેડિયન ડોલર 67.48, ઓસ્ટ્રેલિયન ડોલર 67.07, જાપાનીઝ યેન 0.6107 અને સીંગાપોર ડોલર 74.86ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.82 રૂ. |
| યુરો | 108.89 રૂ. |
| પાઉન્ડ | 127.77 રૂ. |
| યેન | 0.6102 રૂ. |

નિફ્ટી 87.65 પોઈન્ટ એટલે કે 0.42 ટકા ઘટીને 22620.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22800 પોઈન્ટની સપાટી કુદાવીને 22809 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22595 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 373.10 પઈન્ટ એઠલે કે 0.69 ટકા વધીને 54633.05 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સમાં 9.09 ગણા, કજરીયા સીરામીક્સમાં 5.25 ગણા, અપોલો હોસ્પિટલમાં 2.92 ગણા, મહારાષ્ટ્ર સીમલેસમાં 2.85 ગણા અને એક્યુટાસ કેમિકલ્સમાં 2.79 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે રાઈટસ લિ.માં 86.36 ગણા, ઈરકોન ઈન્ટરનેશનલમાં 29.82 ગણા, જયુપીટર વેગન્સમાં 25.61 ગણા, કેએસબી લિ.માં 22.18 ગણા અને સન ટીવી નેટવર્ખમાં 10.38 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં મિશ્ર વલણ રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેકેસ 0.17 ટકા સુધારો દર્શાવ્યો હતો, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ સપાટ રહ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2314 શેરો વધ્યા હતા, જ્યારે 2241 શેરો ઘટ્યા હતા અને 239 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી ફાર્મા ઈન્ડેકસમાં આજે પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો હતો. જે 1.84 ટકા ઘટ્યો હતો. જેમાં ગ્લેનમાર્ક ફામા, વોકહાર્ટ, ઝાયડસ લાઈફસાયન્સીસ, ગ્લેન્ડ ફાર્મા, સન ફાર્મા, સાંઈ લાઈફ સાયન્સીસ, સીપલા, ટોરેન્ટ ફાર્મા, બાયોકોન અને આલ્કેમ લેબ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફયુચર્સ 72 પોઈન્ટ સુધારા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે.

| સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત) | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૩૫૯૦ |
| તેજાબી સોનું | ૧૫૩૫૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૯૧૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૦૫૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૫૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૮૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૦૧૦૦ |

| તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ) | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

| જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)) | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૯૦૦ |
| એસ-30 | ૪૮૦૦ |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -48.78 | 72480.29 |
| નિફ્ટી | -95.75 | 22620.45 |
| બેન્ક નિફ્ટી | 373.10 | 54633.05 |

**નિફ્ટી – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.71 | 417.00 |
| ઇન્ટરગ્લોબ | 2.30 | 4984.00 |
| ICICI બેન્ક | 2.28 | 1321.70 |
| વિપ્રો | 1.09 | 158.50 |
| ટેક મહિન્દ્રા | 0.89 | 1524.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 5.70 | 8165.50 |
| મેક્સ હેલ્થકેર | 5.33 | 929.80 |
| સીપલા | 2.41 | 1346.00 |
| ઇટર્નલ | 2.39 | 320.00 |
| ઓએનજીસી | 1.83 | 225.80 |

**સેન્સેક્સ – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.86 | 417.60 |
| ICICI બેન્ક | 2.31 | 1322.50 |
| ઇન્ટરગ્લોબ | 2.05 | 4980.00 |
| એક્સીસ બેન્ક | 1.41 | 1226.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.18 | 10975.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 2.31 | 319.45 |
| સન ફાર્મા | 2.15 | 1820.00 |
| ટાઇટન કંપની | 2.01 | 4590.00 |
| અદાણી પોર્ટસ | 1.76 | 1786.05 |
| ટાટા સ્ટીલ | 1.76 | 184.65 |

# પટરી પર પાછી ફરી તેજી: રેલવે પીએસયુ શેરોમાં 18% સુધીનો ઉછાળો

**મજબૂત** ઓર્ડરબુકના જોરે IRCON અને RVNL સહિતના સ્ટોક્સ ગ્રીન ઝોનમાં; ભારે વોલ્યુમ સાથે જોરદાર રિબાઉન્ડ

મુંબઈ, તા. 30 : બુધવારે રેલવે ક્ષેત્રના શેરોની માંગ જોવા મળી હતી, જેમાં રેલવેની મુખ્ય જાહેર ક્ષેત્રની કંપનીઓના (PSUs) શેરોમાં ભારે ટ્રેડિંગ વોલ્યુમ વચ્ચે BSE પર ઈન્ટ્રા-ડે કારોબાર દરમિયાન 18 ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો.

આજે રેલવે ઈકોસિસ્ટમના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત કંપનીઓમાં વૃદ્ધિ જોવા મળી હતી, જેમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એન્જિનિયરિંગ, વેગન ઉત્પાદન, ધિરાણ અને સંબંધિત સેવાઓનો સમાવેશ થાય છે. IRCON ઈન્ટરનેશનલ, રેલ વિકાસ નિગમ લિમિટેડ (RVNL) અને ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) ના શેરોમાં ભારે ટ્રેડિંગ વોલ્યુમ સાથે ખરીદી જોવા મળી. આમાં IRCON ઈન્ટરનેશનલ સૌથી આગળ રહ્યું હતુ અને તેના શેરમાં 20 ટકા સુધીનો ઉછાળો આવતા તે એક મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો, જોકે બાદમાં ઉપરી સ્તરે રોકાણકારો દ્વારા પ્રોફિટ બુકિંગ આવતા તેમાં થોડો ઘટાડો નોંધાયો હતો.

IRCON 14.57 ટકા વધીને રૂ. 117.09, RVNL 1.95 ટકા વધીને રૂ. 201.76, રેલટેલ 2.47 ટકા વધીને રૂ. 265.65 તેમજ ટેક્સમેકો 4.82 ટકા વધીને રૂ. 131.73 પર બંધ રહ્યા હતા.

છેલ્લા એક વર્ષમાં રેલવે સ્ટોકમાં 30 થી 40 ટકા ઘટાડો નોંધાયો હતો. પરંતુ આજે તેમાં, મજબૂત ઓર્ડરબુકને લઈને રિબાઉન્ડ જોવા મળ્યું. કંપનીઓના ઓર્ડર બુક જોઈએ તો, RVNL પાસે રૂ. 93,000 કરોડ, ઈરકોન પાસે રૂ. 23,366 કરોડ, titagarh પાસે રૂ. 26,635 કરોડ, રેલટેલ પાસે રૂ. 11,747 કરોડ અને RITES પાસે રૂ. 9,450 કરોડની ઓર્ડર બુક છે.

દરમિયાન, CONCORના શેરમાં 2 ટકાથી વધુનો વધારો જોવા મળ્યો, જેનાથી રેલવે અને લોજિસ્ટિક્સ ક્ષેત્રના અમુક હિસ્સામાં જોવા મળેલી હકારાત્મક ગતિ જળવાઈ રહી.

જોકે, IRFC આ બાબતમાં અપવાદરૂપ રહ્યું અને સત્ર દરમિયાન તેના શેરમાં ઘટાડો નોંધાયો.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ ’’ | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ ’’ | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

# સુપ્રીમ કોર્ટની કડક ટિપ્પણીથી હેલ્થકેર શેરોમાં કડાકો

**હોસ્પિટલ** અને હેલ્થકેરના શેરોમાં 7 ટકા સુધીનું ગાબડું

**પ્રાઇસ** કેપિંગના ડરથી Apollo, Fortis અને Max માં ભારે વેચવાલી

મુંબઈ, તા. 30 : બુધવારે શેરબજાર ખુલતાની સાથે જ હોસ્પિટલ અને હેલ્થકેરના શેરોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો. ટ્રેડિંગના પહેલા અડધા કલાકમાં શેર લગભગ 7 ટકા ઘટ્યા હતા. હોસ્પિટલની મુખ્ય ચેઈન્સના શેરમાં ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. કોર્પોરેટ હોસ્પિટલો દ્વારા વેચાતી દવાઓ પરના ઉંચા માર્ક-અપ (વધારાના ભાવ) અંગે સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કર્યા બાદ એપોલો હોસ્પિટલ્સ, ફોર્ટિસ હેલ્થકેર અને કૃષ્ણા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (KIMS)ના શેરમાં 6% સુધીનો ઘટાડો નોંધાયો હતો. વીમા ક્ષેત્ર અંગે તાજેતરના કડક દરખાસ્તો બાદ, હોસ્પિટલ ક્ષેત્ર અંગે સમાન કડક પગલાં લેવાની સંભાવનાએ તીવ્ર ઘટાડાને વેગ આપ્યો છે. આવશ્યક દવાઓ અંગે સુપ્રીમ કોર્ટની કડક ટિપ્પણીઓએ આવા કડક પગલાં લેવાની શક્યતા વધારી દીધી છે. તાજેતરમાં, મહારાષ્ટ્ર FDA એ હોસ્પિટલના ઉંચા બિલનો મુદ્દો ઉઠાવ્યો હતો, જેની કેન્દ્ર સરકારે પણ સમીક્ષા કરી છે. રોકાણકારોને ડર છે કે હોસ્પિટલના રૂમ ભાડા, પુરવઠા અને દવાના ભાવ પર મર્યાદા હોસ્પિટલના આવક પર અસર કરી શકે છે.

ફોર્ટિસ હેલ્થકેર 6.94 ટકા ઘટીને રૂ. 764 પર બંધ રહ્યો છે. મેક્સ હેલ્થકેર, તેના અગાઉના બંધ રૂ. 984 થી 5.81 ટકા ઘટીને રૂ. 925 પર આવી ગયો.

યથાર્થ હોસ્પિટલ્સમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો, જે તેના અગાઉના બંધ રૂ. 1106 થી ઘટીને રૂ. 1024 પર આવી ગયો, જે 7.58 ટકા થી વધુનો ઘટાડો છે.

# RBI આગામી 1 વર્ષમાં વ્યાજદરમાં 1.25% સુધીનો વધારો કરી શકે છે

**મોંઘવારી** અને ક્રૂડના દબાણ વચ્ચે ગ્લોબલ એજન્સીઓના અલગ-અલગ અંદાજ

નવી દિલ્હી, તા. 30: ક્રુડ ઓઈલના ઉંચા ભાવ, ઉંચો રિટેલ ફુગાવો અને વૈશ્વિક બેન્કોના હોકીંગ વલણ વચ્ચે ભારતીય રિઝર્વ બેન્ક એક જટિલ આર્થિક પડકાર ઉભો થયો છે. ફાઈનાન્સીયલ માર્કેટસ આગામી એક વર્ષમાં વ્યાજદરમાં 125 બેસીસ પોઈન્ટ એટલે કે 1.25 ટકા સુધઈનો વધારો કરે તેવી અપેક્ષા છે. જેક, વિશ્વની અગ્રણી બ્રોકરેજ કંપનીઓ અને ગ્લોબલ ઈકોનોમીક ડેસ્ક વચ્ચે રિઝર્વ બેન્ક વ્યાજદરમાં કેટલીક ઝડપથી અને કેટલી હદ સુધી વધારો કરશે તે અંગે તીવ્ર તફાવત છે. પીઢ બ્રોકરેજ કંપનીઓ બોફા, એચએસબીસી અને મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે ફુગાવા અને લિક્વિડિટીના દબાણને નિયંત્રિત કરવા માટે આરબીઆએ શક્ય તેટલી વહેલી તકે વ્યાજદરમાં વધારો કરવો પડશે. બોફાએ તેની અગાઉની સમયમર્યાદા પાછળ ધકેલી દીધી છે અને આગહી કરી છે કે આરબીઆઈ ઓખટોબરમાં જ રેપો રેટમાં વધારો કરવાનું શરૂ કરી શકે છે. બોફાનું માનવું છે કે આ સમગ્ર ચક્ર કુલ 100 બેસિસ પોઈન્ટ વધશે અને ટ4મિનલ રેપો રેટ વધીને 6.25 ટકા થશે.મોર્ગન સ્ટેનલી પણ ઓકટોબરમાં 25 બેસીસ પોઈન્ટના વધારાની અપેક્ષા રાખે ચે. એનો અંદાજ છે કે એપ્રિલ 2027 સુધીમાં રેપો રેટ વધીને 6.25 ટકાના સ્તર સુધી પહોંચી જશે. જેથી બ્રાહ્ય આર્થિક સ્થિરતા જળવાઇ રહે. એચએસબીસીએ બેન્કીગ સીસ્ટમમાં હાજર વધારાની રોકડ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે, એફસએનઆર બી ડિપોઝીટ જેવી સ્પેશ્યલ વિન્ડો દ્વારા જંગી વિદેશી હુંડિયામણના પ્રવાહને કારણે બેન્કીગ સીસ્ટમમાં આશરે 15 લાખ કરોડ રૂપિયાની લિક્વિડિટી સરપ્લસ એકઠી થઇ છે. એસએસબીસીનું કહેવું છે કે નાણાકીય સ્થિરતા જાળવવા માટે આરબીઆઈએ રેપો રેટમાં વધારો કરવો પડશે તેમજ મલ્ટી ટ્રીલિયન રૂપિયાની સરપ્લસને સીસ્ટમમાંથી બહાર કાઢવી પડશે.

# આઈફોનની નિકાસમાં મોટો ઉછાળો

**દેશની** કુલ ઇલેક્ટ્રોનિક્સ નિકાસમાં આઇફોનનો લગભગ અડધો હિસ્સો ધરાવે છે

**પાંચ** મહિનામાં નિકાસ 13.2 અબજ ડોલર થઇ

નવી દિલ્હી, તા. 30: યુએસ જાયન્ટ ટેક કંપની એપલ માટે ભારત નિકાસના મુખઅય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ પાંચ મહિનામાં ભારતમાંથી 13.2 અપબજ ડોલરના આઈફોનની નિકાસ કરવામાં આવી હતી. જે ગત વર્ષના સમાન સમયગાળાની તુલનામાં લગભગ 47 ટકા વધુ છે.

એપ્રિલ અને ઓગસ્ટની વચ્ચે, આઈફોન દેશની કુલ ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં લગભગ અડધો હિસ્સો ધરાવે છે, જ્યારે તે સ્માર્ટ ફોનની નિકાસમાં 82 ટકા હિસ્સો ધરાવે છે. એક રિપોર્ટ અનુસાર એપ્રિલ-ઓગસ્ટ દરમ્યાન દેશમાંથી સ્માર્ટફોનની નિકાસ વાર્ષિક ધોરણે લગભગ 36 ટકા વધીને 15.96 અબજ ડોલર થઈ છે. આ વધારામાં આઈફોનની નિકાસ લગભગ 98 ટકા છે. આ સમયગાળામાં દેશની કુલ ઈલેક્ટ્રોનિક્સની નિકાસ 34 ટકા વધીને 26.66 અબજ ડોલર થઈ છે. બજારના સુત્રોના જણાવ્યા અનુસાર એપલ સિવાય સેમસંગ અને ડિક્સન જેવા ઉત્પાદકોએ પણ સ્માર્ટફોનની નિકાસમાં ફાળો આપ્યો હતો. નિષ્ણાતો કહે છે કે રોજગાર સર્જનની દ્રષ્ટિએ આઈફોનનું ઉત્પાદન હવે ભારતના ટોચના પાંચ મેન્યુફેકચરીંગ સેકટર સામેલ છે. કંપનીની પાંચ ફેકટરીઓ પીક પ્રોડકશન મહિનાઓ દરમ્યાન એક લાખથી વધુ લોકોને રોજગારી આપે છે. આઈફોનની સાથે સાથે એપલના વિક્રેતાઓએ પણ સ્થાનિક સ્તરે કમ્પોનન્ટસ બનાવવાનું શરૂ કરી દીધું છે.

# વેદાન્તા ગ્રુપની એસટીએલ નેટવર્કસમાં તેજી

**રેલટેલ** તરફથી મળ્યો મોટો ઓર્ડર; FII ના વધતા હિસ્સા વચ્ચે સ્ટોકમાં વિદેશી રોકાણકારોનો ભરોસો વધ્યો

નવી દિલ્હી, તા. 30: ટેલિકોમ સેક્ટરની કંપની એસટીએલ નેટવર્કસના શેરમાં આશરે 5 ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ રેલીને કારણે એસટીએલ નેટવર્કસનો શેર રૂ. 51.93ના ઈન્ટ્રાડે હાઈ લેવલને સ્પર્શ્યો હતો. કંપનીના શેરમાં આ વધારો એટલા માટે રહ્યો હતો કે સરકારી કંપની રેલટેલ કોર્પોરેશન પાસેથી રૂ. 240.80 કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. કરાર હેઠળ, એસટીએલ નેટવર્ક્સ રેલટેલના ડેટા સેન્ટર્સ અને ડિઝાસ્ટર રિકવરી સાઈટ્સ પર ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સોલ્યુશન્સ વિકસાવશે અને જમાવશે. આમાં ડિઝાઈન, ઈનપુટ્સનો પુરવઠો, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ, સિસ્ટમનું કમિશનિંગ, કન્ફિગરેશન, વિવિધ સિસ્ટમ્સને કનેક્ટ કરવી, ડેટા અથવા સિસ્ટમ્સને જૂની સિસ્ટમમાંથી નવી સિસ્ટમમાં સ્થાનાંતરિત કરવી અને સમગ્ર સોલ્યુશનનો અમલ કરવાનો સમાવેશ થાય છે.

આ કોન્ટ્રાક્ટ એક ડોમેસ્ટિક કંપની એટલે કે ભારતની એક કંપનીએ આપ્યો છે. એક્સચેન્જ ફાઈલિંગમાં આ ઓર્ડર પૂર્ણ કરવા માટેની સમયમર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.
Tel: +91 44 4564 4000 | Fax: +91 44 4564 4022

IDFC FIRST Bank

**સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ**

નીચે દર્શાવેલ લોનધારકો અને સહ-લોનધારકોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે મુજબની સુરક્ષિત લોન મેળવેલ છે. નીચે જણાવેલ લોનધારકો અને સહ-લોનધારકોની લોન તેમની સંબંધિત મિલકતોના ગીરો દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને ખાતા નિયમિત ન રહેતા, આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ તેમની લોનને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેઓ દ્વારા ચૂકવવાપાત્ર રકમ નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ સંબંધિત નોટિસ મુજબ છે અને સદર રકમ પર કરાર આધારિત દર મુજબ તેમની સંબંધિત તારીખોથી આગળનું વ્યાજ પણ લાગુ થશે અને વસૂલવામાં આવશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | બોરોઅર અને કો-બોરોઅરના નામ | સેક્શન 13 (2) નોટિસ તારીખ | સેક્શન 13 (2) નોટિસ મુજબ બાકી નીકળતી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 22240896 | હોમ લોન | 1. વિપુલકુમાર ભીખુભાઈ દેવમુરારી 2. જનક અગ્રાવત | 02.09.2026 | 9,17,261.06/- |
| મિલકતનું સરનામું: બીજો માળ, ફ્લેટ નંબર 205, ક્ષેત્રફળ 407.00 ચોરસ ફૂટ એટલે કે 37.83 ચોરસ મીટર (બિલ્ટ-અપ એરિયા), સાથે ગ્રાઉન્ડ લેન્ડ અને પાર્કિંગમાં 20.19 ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો, “બિલ્ડિંગ નં. B”, “સાંઈ પેલેસ રેસિડેન્સી”, રેવન્યુ સર્વે નંબર 592/5, બ્લોક નંબર 1069 પૈકી 1, ટી.પી. સ્કીમ નંબર 66 (કોસાડ-વરિયાવ), ફાઇનલ પ્લોટ નંબર 324, મોજે ગામ: કોસાડ, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકા: સિટી, ડિસ્ટ્રિક્ટ: સુરત, સ્ટેટ: ગુજરાત-394107. સીમાઓ: પૂર્વ: બિલ્ડિંગ-C, પશ્ચિમ: બિલ્ડિંગ-A, ઉત્તર: 6 મીટર રોડ, બિલ્ડિંગ નંબર 322, દક્ષિણ: બિલ્ડિંગ નંબર 325 | | | | | |
| 2 | 26691681 | હોમ લોન | 1. નીતિનકુમાર માફાભાઈ પ્રજાપતિ 2. શકારીબેન માફાભાઈ પ્રજાપતિ | 23.09.2026 | 6,03,143.69/- |
| મિલકતનું સરનામું: ફ્લેટ નંબર 204, ક્ષેત્રફળ 48.56 ચોરસ મીટર (સુપર બિલ્ટ-અપ એરિયા) અને 360.37 ચોરસ ફૂટ એટલે કે 33.49 ચોરસ મીટર (બિલ્ટ-અપ એરિયા), ગ્રાઉન્ડ લેન્ડમાં 18.64 ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો, બીજો માળ, “સાંઈ પેલેસ”, બિન-ખેતી રેસિડેન્શિયલ જમીન બ્લોક નંબર 88 પૈકી, “જેમિની નગર ટેનામેન્ટ્સ” પૈકી પ્લોટ નંબર 26, 27, 28, મોજે: સાયણ, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકા: ઓલપાડ, ડિસ્ટ્રિક્ટ: સુરત, સ્ટેટ: ગુજરાત-394130. સીમાઓ: પૂર્વ: ફ્લેટ નંબર 205, પશ્ચિમ: ખુલ્લી જગ્યા, ઉત્તર: ખુલ્લી જગ્યા/રોડ, દક્ષિણ: પેસેજ | | | | | |
| 3 | 26692357 | હોમ લોન | 1. શુક્લા અનિલ 2. શુક્લા ઉર્મિલા | 16.09.2026 | 3,65,926.24/- |
| મિલકતનું સરનામું: ફ્લેટ નંબર A/423, ક્ષેત્રફળ 360.00 ચોરસ ફૂટ એટલે કે 33.45 ચોરસ મીટર (સુપર બિલ્ટ-અપ એરિયા) અને 21.70 ચોરસ મીટર (બિલ્ટ-અપ એરિયા), બિલ્ડિંગ નંબર A, ચોથો માળ, “વિરાજ કોમ્પ્લેક્સ”, બ્લોક નંબર 58 પૈકી પ્લોટ નંબર 273, મોજે: પાલી, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકા: ચોર્યાસી, ડિસ્ટ્રિક્ટ: સુરત, સ્ટેટ: ગુજરાત-394220. સીમાઓ: પૂર્વ: ફ્લેટ નંબર A/424, પશ્ચિમ: ફ્લેટ નંબર A/422, ઉત્તર: ખુલ્લી જગ્યા, દક્ષિણ: પેસેજ | | | | | |
| 4 | 48567221 | હોમ લોન | 1. સુભાષ કરતાર ચવાણ 2. સપના સુભાષ ચવાણ | 19.09.2026 | 10,08,268.81/- |
| મિલકતનું સરનામું: પ્લોટ નંબર 89, ક્ષેત્રફળ 36 X 19 ફૂટ એટલે કે 76.00 ચોરસ વાર એટલે કે 63.51 ચોરસ મીટર, સાથે રસ્તા અને COP ની જમીનમાં 33.42 ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો, “ઓમ રેસિડેન્સી”, રેવન્યુ સર્વે નંબર 211, બ્લોક નંબર 287, મોજે ગામ: મુળદ, તાલુકા: ઓલપાડ, ડિસ્ટ્રિક્ટ: સુરત, ગુજરાત-394110. સીમાઓ: પૂર્વ: રોડ, પશ્ચિમ: પ્લોટ નંબર 88, ઉત્તર: પ્લોટ નંબર 90, દક્ષિણ: રોડ | | | | | |
| 5 | 102528492 | લોન અગેઇન્સ્ટ પ્રોપર્ટી | 1. આર જે સાડી હાઉસ 2. રાજેન્દ્ર દેવીદાસ પાટીલ 3. રવીન્દ્ર દેવીદાસ પાટીલ 4. જીતેન્દ્ર દેવીદાસ પાટીલ | 19.09.2026 | 65,08,186.09/- |
| મિલકતનું સરનામું: દુકાન નંબર 204, ક્ષેત્રફળ 170.00 ચોરસ ફૂટ એટલે કે 15.80 ચોરસ મીટર અને 18.96 ચોરસ મીટર (બિલ્ટ-અપ એરિયા), ગ્રાઉન્ડ લેન્ડમાં 5.00 ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો, “લોઅર ગ્રાઉન્ડ ફ્લોર”, “અરિહંત ટેક્સટાઇલ માર્કેટ”, ટી.પી. સ્કીમ નંબર 8 (ઉમરવાડા), ફાઇનલ પ્લોટ નંબર 132, 133 અને 134, સીટી સર્વે વોર્ડ (ઉમરવાડા) સીટી સર્વે નંબર 2021 પૈકી, મોજે: ઉમરવાડા, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકા: સુરત સિટી, ડિસ્ટ્રિક્ટ: સુરત, સ્ટેટ: ગુજરાત-395002. સીમાઓ (વેલ્યુએશન રિપોર્ટ મુજબ): પૂર્વ: કોમન પેસેજ, પશ્ચિમ: સંલગ્ન મિલકત, ઉત્તર: દુકાન નંબર 205, દક્ષિણ: દુકાન નંબર 203 | | | | | |

આથી તમને આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપર જણાવેલ કોષ્ટક મુજબની રકમ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમની સંબંધિત તારીખોથી કરારિત વ્યાજ દર અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે સાથે ચૂકવવા માટે જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો, તો અધોહસ્તાક્ષરકર્તા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને લેણી નીકળતી રકમ વસૂલ કરવા માટે ઉપર ઉલ્લેખિત ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને સેક્શન 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય રહેશે. વધુમાં, સદર એક્ટની સેક્શન 13 (13) હેઠળ તમને સદર સુરક્ષિત મિલકતોને વેચાણ/ભાડાપટ્ટે અથવા અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, જેનું આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ છે અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
તારીખ: 01.10.2026
સ્થળ: સુરત, ગુજરાત



**Surat Municipal Corporation**
**Solid Waste Management**
**Offline Quotation Notice No. SWM/DMC/11/2026-27**

Offline Quotations are invited on www.suratmunicipal.gov.in for the various works of Solid Waste management, from the various consultants.

| | | |
|---|---|---|
| 1 | Name of the department | Solid Waste management |
| 2 | No of the works | 01 |
| 3 | Total Estimated cost of quotation Rs. in Lacs | - |

The detail tender notice will be made available at above address and on website www.suratmunicipal.gov.in

P.R.O. No. 265 / 2026-27 Deputy Municipal Commissioner(D)
Dt. 30 / 09 / 2026 Surat Municipal Corporation



**નવસારી મહાનગરપાલિકા**
**જાહેર નિવિદા**

આથી નવસારી મહાનગરપાલિકા, જી.નવસારીની કચેરીમાં સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત, ગાંધીનગરના પત્ર ક્રમાંક SBM/0127/09/2026, તા. ૨૩/૦૯/૨૦૨૬ અન્વયે ૧૧ માસના કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે સ્વચ્છતા માર્શલની નિમણૂક આપવાની હોય, ઈચ્છા ધરાવતા ઉમેદવાર તા.૦૬/૧૦/૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નીચેની જગ્યા માટે લાયક ઉમેદવારોએ પોતાની અરજી બાયોડેટા તથા લાયકાતના પ્રમાણપત્રો અસલ તથા એક નકલ સેટ સાથે રૂબરૂ નવસારી મહાનગરપાલિકા, સરદાર પટેલ ભવન, દુધિયા તળાવ, શાકભાજી માર્કેટ, જી.નવસારીની કચેરી ખાતે સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે. નિમણૂંક આપવાનો અબાધિત અધિકાર નવસારી મહાનગરપાલિકાનો રહેશે.

| અનુ. નં. | જગ્યા / હોદ્દો | લાયકાત | સંખ્યા | ફિક્સ પગાર |
|---|---|---|---|---|
| ૧ | સ્વચ્છતા માર્શલ | સેનેટરી ઇન્સ્પેક્ટરનો કોર્ષ અથવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં અનુભવી | ૧૩ | રૂ. ૧૬,૦૦૦/- |

શરતો-
૧) મિશન ડાયરેક્ટર, સ્વચ્છ ભારત મિશન (અર્બન), ગુજરાતના પરિપત્ર ક્રમાંક.SBM/0127/09/2026 તા.૨૩/૦૯/૨૦૨૬થી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ અંતર્ગત કચરો ફેંકનાર/નિયમ ભંગ કરનાર સામે વહીવટી ચાર્જ ફટકારવા માટેની ફીલ્ડ કામગીરી કરવાની રહેશે. તથા સદર પરિપત્ર મુજબના જોબચાર્ટ મુજબની કામગીરી કરવાની રહેશે.
૨) ઇચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી, બાયોડેટા તથા તમામ અસલ પ્રમાણપત્રો તેમજ પ્રમાણપત્રોની નકલ સાથે નવસારી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, નવસારી મહાનગર સેવા સદન, દુધિયા તળાવ નવસારી-૩૯૬૪૪૫. ખાતે તમામ ઉમેદવારોએ પોતાના સ્વખર્ચે અને જોખમે હાજર રહેવાનું રહેશે.
૩) ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મૌખિક ઇન્ટરવ્યૂ દ્વારા કરવામાં આવશે તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા નવસારી મહાનગરપાલિકાની રહેશે.
૪) સદરહું ભરતી તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ માટે રહેશે. ત્યારબાદ મહાનગરપાલિકાની જરૂરિયાત અને કર્મચારીની કામગીરીને આધીન રિન્યૂ કરવામાં આવશે.
૫) વોક ઇન ઇન્ટરવ્યૂ તા.૦૬/૧૦/૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નવસારી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, નવસારી મહાનગર સેવા સદન, દુધિયા તળાવ નવસારી-૩૯૬૪૪૫ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં જરૂરી તમામ ડોક્યુમેન્ટ સહિત પોતાના સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.
૬) ઉપરોક્ત કામે કોઈપણ નિર્ણય કરવાનો હક નવસારી મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ
નવસારી મહાનગરપાલિકા
માહિતી/નવસારી/૩૩૭/૨૦૨૬



**વાપી મહાનગરપાલિકા- વાપી**
**પશુપાલકો/પશુમાલિકોને જાહેર જોગ નોટીસ**

નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશનો / હુકમો અન્વયે શહેરમાંથી રખડતા પશુ ત્રાસ અટકાવ અને નિયમનના કાયમી પગલા ભાગરૂપે પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગેની પોલીસી - ૨૦૨૩ ને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરીપત્ર ક્રમાંક: UDUHD/MSM/e-file/18/2022/7207/P SECTION Dt.21-08-2023 તથા મ્યુ.કોર્પોના વહીવટદારશ્રીના ઠરાવ નં-૧૮૩ તા.૨૯/૦૩/૨૦૨૫થી મંજૂરી મળેલ છે. જે અન્વયે પશુપાલકો/પશુમાલિકોને જાહેર નોટીશ આપી નીચે મુજબથી સૂચિત કરવામાં આવે છે

- વાપી મહાનગરપાલિકા હદમાં રહેલા જે પશુની નોંધણી કરાવી RFID ચીપ અને ટેગ લગાડવાની કામગીરી ૧ ઓક્ટોબર ૨૦૨૬ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી મહાનગરપાલિકા દ્વારા વિનામૂલ્યે લગાવી આપવામાં આવશે.
- ત્યાર પછીના બીજા ૦૧ માસ દરમ્યાન પશુ નોંધણી તથા RFID ચીપ અને ટેગ લગાવવા માટેનો ચાર્જ પણ દીઠ રૂ.૨૦૦/- વસુલ કરવામાં આવશે તથા ત્યારબાદ બીજા ૦૨ માસ દરમ્યાન પશુ નોંધણી તથા RFID ચીપ અને ટેગ લગાવવા માટેનો ચાર્જ પશુ દીઠ રૂ.૧૦૦૦/- વસુલ કરવામાં આવશે.
- પરમીટ - લાયસન્સનો સમય ગાળો લાયસન્સ મળ્યેથી ત્રણ વર્ષ માટેનો રહેશે જે અંગેની લાયશન્સ ફી ની રકમ રૂ. ૫૦૦/- તથા પરમીટ ફી ની રકમ રૂ.૨૫૦/- ભરવાની રહેશે. ત્રણ વર્ષની મુદત પૂર્ણ થવાની હોય તેના એક માસ પહેલા અરજી કરી રીન્યુઅલ ફી (લાયસન્સ માટે રૂ.૫૦૦/- તથા પરમીટ માટે રૂ.૨૫૦/-) ભરી લાયસન્સ-પરમીટ રીન્યુ કરાવવાની રહેશે. જેનો સમયગાળો પણ ત્રણ વર્ષનો રહેશે.
- લાયસન્સ/ પરમીટ મેળવવા પશુપાલકો પશુમાલિકોએ નિયત પુરાવાઓ સાથે અરજી કરવાની રહેશે. જરૂરી પુરાવા સાથે મુખ્ય ઓફીસમાં અરજી કરવાની રહેશે.
- લાયસન્સ / પરમીટની મુદત ત્રણ વર્ષ પૂર્ણ થવાની હોઈ તેના એક માસ પહેલા નિયમ મુજબ પુરાવા સાથે અરજી કરી ઉપર મુજબની રીન્યુઅલ ફી ભરી લાયસન્સ/ પરમીટ રીન્યુ કરાવવાની રહેશે.
- મુદત પૂર્ણ થયા બાદ લાયસન્સ/ પરમીટ રીન્યુઅલ ફી ભરે તો રૂા. ૧૦૦/- પ્રતિ માસ લેટ ફી ભરવાની રહેશે.
- પાંજરાપોળ ગૌ-શાળા જેવી સંસ્થાઓ કે જે પબ્લીક ચેરીટેબલ એકટ હેઠળ નોંધાયેલ હોય અથવા આ પ્રકારની માન્યતા પ્રાપ્ત સંસ્થાએ લાયસન્સ મેળવવા તેમજ લાયસન્સ ફી/ પરમીટ ફી માંથી મુક્તિ મેળવવા નિયત પુરાવાઓ સહિત અરજી કરવાની રહેશે.
- જો કોઈ પશુમાલિક/ પશુપાલક શહેરની બહારથી નવા પશુ શહેરમાં લાવે તો તેમણે એક માસમાં પશુની નોંધણી કરાવી RFID ચીપ અને ટેગ લગાડવાની તથા પરમીટ/ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
- કોઈપણ વ્યક્તિઓ/ સંસ્થાએ પોતાની જગ્યામાં ઘાસચારાનું વેચાણ કરવા માટે પ્રવર્તમાન કાયદા નિયમો અંતર્ગત લાયસન્સ/પરવાનગી મેળવવાની રહેશે.
- પશુ રખડતુ મુકવા અંગે પશુ દ્વારા નાગરિકોને થતી ઈજા અંગેની સંપૂર્ણ જવાબદારી પશુ માલિકની રહેશે.
- જે પશુમાલિકો પાસે પશુ રાખવાની પોતાની જગ્યા ન હોઈ તો તેઓએ હવેથી શહેરમાં પશુ રાખી શકશે નહિ તથા તેઓએ પોતાના પશુઓ શહેર બહાર સ્વખર્ચે શીફ્ટ કરી દેવાના રહેશે. અન્યથા આવા પશુ પકડીને પાંજરાપોળ/ગૌશાળામાં પુરમાં આવશે.
- રખડતા પશુઓ પકડવાની ટીમની કામગીરી કરતાં બાઈકર્સ/શખ્સો જે અવરોધ ઉભો કરે છે તેની અટકાયત કરી પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહીઓ શરૂ કરવામાં આવશે.
- ૦૫ માસ પછી એટલે જો કોઈપણ પશુને RFID ચીપ અને ટેગ લગાડવાની બાકી હશે અથવા લાયસન્સ / પરમીટ લીધેલ નહિ હોય તો તેવા પશુઓને પકડી પાંજરાપોળ/ગૌશાળામાં મુકવામાં આવશે. જે પરત કરવામાં આવશે નહિ.
- પશુઓ વારંવાર રખડતા મુકતા રીપીટેડ ઓફેન્ડરની યાદી બનાવી દંડનાત્મક તથા કાયદેસરની કાર્યવાહીઓ પણ હાથ ધરવામાં આવશે.
- ઉપરોક્ત સુચનાઓ પશુપાલકો/પશુમાલિકોની જાણકારી માટે તથા પોલીસીની અમલવારીના ભાગરૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેની તમામ સંબંધિતે નોંધ લેવી.

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા
નં. માહિતી/વલસાડ/૪૩૦/૨૦૨૬